# :: અપીલ ::

## કોવિડ સંક્રમણ અટકાવવા દિવાળીના તહેવારોમાં વિશેષ તકેદારી રાખવા તથા વેકસીન લેવા બાબત

કોવિડ–૧૯ની વૈશ્વિક મહામારીને ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકા ધ્વારા આગામી દિવાળીના પર્વોત્સવ દરમ્યાન શહેરીજનોને ફરજીયાત માસ્ક પહેરવા, સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવા વિગેરે જેવી કોવિડ–૧૯ની ગાઈડલાઈનનું ચુસ્તપાલન કરવા જણાવવામાં આવે છે.

વધુમાં દિવાળીના તહેવારમાં વિવિધ ડાયમંડ કંપનીઓ, ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીઝ, અન્ય વિવિધ વ્યાપારી સંસ્થાઓના કર્મચારી/ કામદારો સુરત શહેરની બહાર ફરવા જતા હોય છે. આ તમામ લોકો તથા શહેરીજનોને અનુરોધ છે કે જે તે સ્થળોએ કોવિડ અનુરૂપ બિહેવિયર એટલે કે માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવું, હાથ સ્વચ્છ રાખવું વિગેરે સહિતની તમામ પ્રકારની સરકારશ્રીની કોવિડ–૧૯ સંદર્ભેની માર્ગદર્શિકાનું પાલન કરવું. સુરત શહેર બહાર ફરવા ગયેલ લોકો જયારે સુરત પરત ફરે ત્યારે તેવા તમામ લોકો એ વેકસીનના બન્ને ડોઝ લીધા હોય તો પણ તેઓ ફરજીયાત છેલ્લા ૭૨ કલાકનો RTPCR ટેસ્ટ કરાવી શહેરમાં પ્રવેશ મેળવે તેવી અપીલ કરવામાં આવે છે. જેથી આપણે શહેરમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રિત કરી શકીએ. ધન્વંતરી રથના રૂટની માહિતી http://office.suratsmartcity.com/SuratCOVID19/Home/DhanvantariRathPlan પરથી મળી શકશે.

આ સાથે તમામ પાત્રતા ધરાવતા ૧૮ વર્ષથી વધુ વયના નાગરિકો કોવિડ રસીકરણથી સંપૂર્ણપણે રક્ષિત થાય તેવી તમામ ડાયમંડ કંપનીઓ, ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીઝ, અન્ય વિવિધ વ્યાપારી સંસ્થાઓ અને જાહેર જનતાને અપીલ છે. સુરત શહેરના ૧૮ વર્ષથી ઉપરના રસી લેવા જોગ કોઈપણ નાગરિક રસીકરણથી વંચિત રહી ન જાય તે હેતુ થી સુરત મહાનગરપાલિકા દ્વારા ટોલ ફ્રી હેલ્પ લાઈન નંબર ૧૮૦૦ ૧૨૩ ૮૦૦૦ શરૂ કરવામાં આવેલ છે. જે કોઈ ડાયમંડ કંપનીઓ, ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીઝ, અન્ય વિવિધ વ્યાપારી સંસ્થાઓ, સોસાયટી કે અન્ય સ્થળો પર ૧૦ કે તેથી વધુ રસીકરણ થી વંચિત લાભાર્થીઓ હોય, તો તેઓ ટોલ ફ્રી નંબર પર સંપર્ક કરી ઘરઆંગણે વેકસીન લઈ શકે છે. સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોનમાં આવેલ વેકસીનેસન સેન્ટરની માહિતી https://www.suratmunicipal.gov.in/EServices/Covid19Vaccination પરથી મળી શકશે. આગામી દિવાળીના તહેવારોની ઉજવણીમાં આપણે સૌ કોવિડ ગાઈડલાઈનનું પાલન કરી કોરોના સંક્રમણ અટકાવવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.